# TRADE DISCIPLINARY COMMITTEE

BHARAT DIAMOND BOURSE
DIAMOND CENTRE OF THE WORLD

GJEPC INDIA
SPONSORED BY THE MINISTRY OF COMMERCE & INDUSTRY

MDMA

# ટ્રેડ ડિસીપ્લીનરી કમિટી

## અપીલ



આથી ટ્રેડ ડિસીપ્લીનરી કમિટી (ટીડીસી) કે જેમાં ભારત ડાયમંડ બુર્સ (બીડીબી), જેમ એન્ડ જવેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (જીજેઇપીસી) અને મુંબઈ ડાયમંડ મર્ચન્ટસ એસોસિએશન (એમડીએમએ) નો સમાવેશ થાય છે, તેના દ્વારા નિવેદન કરવામાં આવે છે કે અન્ય બાબતોની સાથોસાથ વિવિધ વ્યવસાય સંબંધિત દાવાઓ તકરાર અને ફરિયાદો પરત્વે તે ત્રણેય સંસ્થાઓના સભ્યો માટે ઉપરોક્ત બાબતોના ઉકેલ લાવવા માટે ટીડીસીની સ્થાપના કરવામાં આવી છે.

ટીડીસીએ નીતિમત્તા અને નૈતિક ધોરણો જાળવવા માટે માર્ગદર્શિકા તૈયાર કરીને તેને મંજુર કરી છે, જેનું અનુસરણ વ્યવસાયકારોએ કરવાનું રહેશે અને તે ધારાધોરણો બીડીબી, જીજેઇપીસી અને એમડીએમએના સભ્યોને બંધનકર્તા ગણાશે. આ ધારાધોરણોનો ઉદ્દેશ્ય ઉદ્યોગ સમક્ષ આવી રહેલા પડકારોનો સામનો કરવા માટે મજબૂત વ્યવસ્થાતંત્ર ખડું કરવાનો અને તે દ્વારા ઉદ્યોગમાં પારદર્શતા અને વિશ્વસનિયતા વધારવાનો રહ્યો છે. આ માર્ગદર્શિકા વ્યવસાય સંબંધી અન્ય બાબતોની સાથોસાથ ચોક્કસ અથવા જાણીતી બાબતો જેવી કે નાદારીની જાહેરાત, કંપનીઓ અથવા સ્થાપનાઓ કે વ્યક્તિઓ દ્વારા બેંક્કરપ્ટસી ની ઘોષણા અંગે પણ કાર્ય કરશે.

આ પ્રમાણે ટ્રેડ ડિસીપ્લીનરી કમિટી માર્ગદર્શિકાની ત્રણેય સંસ્થાઓ દ્વારા મંજુર કરીને પસાર કરાયેલી કલમ ૧૨ અને ૧૩ મુજબ;

**કલમ ૧૨ મુજબ :** "કોઈ પણ કંપની/ સ્થાપના/ વ્યક્તિએ માર્કેટની રસમ મુજબ બેંક્કરપ્ટસી ની ઘોષણા કરી હોય તેવા વખતે જો તેના શેરહોલ્ડર્સ ભાગીદારો, ડાયરેક્ટરો અને/ અથવા અધિકારીઓ તેની જવાબદારીઓ અદા કર્યા સિવાય અલગ રીતે ધંધો શરૂ કરશે તો ટીડીસી તેવી કંપની/ સ્થાપના/ વ્યક્તિ વિરુદ્ધ તેને યોગ્ય જણાય તે રીતે પગલાં ભરવા હકદાર ગણાશે, જેમાં ત્રણેમાંથી કોઈ પણ સંસ્થાના પરિસરમાં વ્યવસાય કરવા માટે ટીડીસીના ભાગ રૂપે પ્રતિબંધિત કરવાનો મુદ્દો સમાવિષ્ટ છે."

P.T.O.

**કલમ ૧૩ મુજબ :** કોઈ પણ કંપની/ સ્થાપના/ વ્યક્તિ માર્કેટની રસમ અનુસાર બેંક્ક્રપ્ટ જાહેર થયા હોય અને ત્યારબાદ ઉદ્યોગમાં કોઈ અન્ય વ્યક્તિ અથવા સ્થાપના સાથે જોડાઈને અથવા ખોટા (ડમી) નામથી ધંધો કરતા માલુમ પડે તો તેવા વખતે ટીડીસીને જાણ થયા બાદ ટીડીસી તેવી કંપની/ સ્થાપના/ વ્યક્તિ વિરુદ્ધ જ નહિ પરંતુ આવી બેંક્ક્પ્ટ જાહેર થયેલી કંપનીને સહકાર આપનાર કે ધંધો કરનાર કે અન્ય રીતે જોડાણ કરનાર વ્યક્તિ અથવા કંપની વિરુદ્ધ પણ પગલાં ભરવા હકદાર ગણાશે.

ઉપરોક્ત પેરેગ્રાફમાં દર્શાવેલ માર્ગદર્શિકા નાદારી/ બેંક્ક્રપ્ટસી ની પતાવટની તારીખ બાદના (૨) બે વર્ષ સુધી અસરકારક અને અનુસરણીય રહેશે તેની નોંધ લેવી. આથી અમો નમ્રતાપૂર્વક અને આગ્રહપૂર્વક વિનંતી કરીએ છીએ કે દરેક સભ્યો આવા કંપની/ સ્થાપના/ વ્યક્તિ સાથે કોઈ પણ પ્રકારના ધંધા/ વ્યવસાય કરવાથી દૂર રહે કે જેઓએ નાદારી બેંક્ક્રપ્ટસી જાહેર કરી હોય.

ત્રણેય સંસ્થાઓના સભ્યોને જાણ કરવા માટે ટીડીસી આ સાથે ઉપરોક્ત દર્શાવેલી કલમો ખાસ મોકલી રહી છે. ત્રણેય સંસ્થાઓના સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે આ પ્રકારની માર્ગદર્શિકાનું ધંધાના અને કંપનીના હિત ખાતર પાલન કરવામાં આવે.

આ માર્ગદર્શિકાની નકલ ત્રણેય સંસ્થાઓની ઓફિસોમાં મેમ્બરોના વાંચન માટે વિનંતી કરવાથી પ્રાપ્ત થઇ શકશે.

તા. ...21... ડિસેમ્બર ૨૦૧૮

ટ્રેડ ડિસીપ્લીનરી કમિટી વતી

અધિકૃત સહિકર્તા